
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



આમ મને સાયકલીંગનો શોખ નથી... પણ ઘરે રહું તો માળીયા સાફ કરવા પડે....!!!

# શિયાળાની ઋતુમાં આવતું અમૃતિય ફળ એટલે સીતાફળ

**બજારોમાં અઠળક ગુણો થી ભરપુર એવા સીતાફળનું આગમનઃઆજકાલ સીતાફળ ની બાસુંદી શેક અને આઈસ્ક્રીમ પણ મળે છે**

શહેર ના બજારો માં શિયાળુ ફળો ની આવક થઈ ગઈ છે જેમાં અઢળક ગુણો થી ભરપુર એવા સીતાફળનું આગમન થયું છે જે શિયાળાની સિઝનમાં બજારોમાં અઢળક જોવા મળે છે.તેની ખરીદી પણ શરૂ થઈ ચૂકી છે.નાના બાળકો થી લઈ તમામ લોકોનું આ પસંદીદાર ફળ ગણાય છે.જેની ખેતી ગાંધીનગર ની આસપાસ ના ગામડાઓ માં પણ જોવા મળે છે.



સીતાફળને અંગ્રેજીમાં કસ્ટર્ડ એપલ કહે છે અને શરીફા નામથી પણ ઓળખવામાં આવે છે. સીતાફળ એ અસંખ્ય ઔષધિઓમાં સામેલ છે આ ફળ પાકેલું હોય ત્યારે બહારથી કડક અને અંદરથી નરમ અને ખુબ મીઠું હોય છે. તેનું અંદરનું ક્રીમ સફેદ રંગનું અને મલાઈદાર હોય છે. તેના બીજ કાળા રંગના હોય છે.

બજારમાં આજકાલ સીતાફળ ની બાસુંદી શેક અને આઈસ્ક્રીમ પણ મળે છે. તે આપણા આરોગ્ય માટે ખુબ સારો છે. તેમાં વિટામીન હોય છે તે ઉપરાંત તેમાં નીયાસીન વિટામીન 'એ' રાઈબો ફ્લેવીન તત્વ હોય છે તેના ઉપયોગથી આપણને આયરન કેલ્શિયમ મેગેનીઝ, મેગ્નેશિયમ, પોટેશિયમ અને ફોસ્ફરસ મળે છે. ખાસ વાત તો એ છે કે સીતાફળમાં આયરન વધુ પ્રમાણમાં હોય છે. તેમાં રહેલા પોટેશિયમ અને મેગ્નેશિયમ હૃદય માટે ખુબ સારું હોય છે મેગ્નેશિયમ શરીરમાં પાણીની ઉણપ નથી થવા દેતું તેના ફાઈબરની વધુ માત્રાથી બ્લડ પ્રેશર ઠીક રહે છે. તેમાં કોલેસ્ટ્રોલ પણ ઓછા હોય છે. તેથી વિટામીન અને આયરન લોહીની ઉણપને ઓછી કરીને હિમોગ્લોબીન વધારે છે.

સીતાફળ ખુબ જ ઠંડાં છે અને વધુ પડતાં ખાવામાં આવે તો શરદી કરે છે. તેના આ ગુણને લીધે જ એનું નામ શીતફળ પડ્યું હશે. પાછળથી સીતાફળ બની ગયું હશે. એ અતી ઠંડુ, વૃષ્ય, વાતલ, પીત્તશામક, કફ કરનાર, તૃષાશામક અને ઉલટી બંધ કરનાર ઉપરાંત મધુર, પૌષ્ટીક, માંસવૃદ્ધી અને રક્તવૃદ્ધી કરનાર, બળ વધારનાર અને હૃદયને હીતકર છે.

### સીતાફળ ખાવાના ફાયદા

જો તમને કબજીયાતની તકલીફ છે તો સીતાફળથી દુર થઈ શકે છે. સીતાફળમાં જરૂરી પ્રમાણમાં કોપર તથા ફાઈબર હોવાથી જે મળને નરમ કરીને કબજીયાતની તકલીફને મટાડી શકે છે. તેના ઉપયોગથી પાચનતંત્ર પણ મજબુત થાય છે.

જો તમે નબળા હો કે તમારે વજન વધારવું હોય તો સીતાફળનો ખુબ ઉપયોગ કરવો જોઈએ. તેમાં કુદરતી સાકર સારા પ્રમાણમાં હોય છે. જે કોઈપણ જાતના નુકશાન વગર વજન વધારીને આકર્ષિત વ્યક્તિત્વ આપી શકે છે. તેના નિયમિત સેવનથી ચોંટી ગયેલા ગાલ અને કુલા તંદુરસ્ત થઈને યોગ્ય આકારમાં આવી જાય છે અને વ્યક્તિત્વમાં નીખાર આવે છે.

કેન્સરના વિકાસને રોકે છે. સીતાફળમાં એવા પોષક તત્વ હોય છે, જે કેન્સરને રોકનારા ગુણ તરીકે કાર્ય કરે છે. તેનામાં એસિટોડિનન અને એલ્કોનાઈડ હોય છે, જે ટયુમરની કોશિકાઓના વિકાસને રોકે છે.

સીતાફળ ના ઝાડની છાલમાં મળી આવતા ટેનિનના લીધે દાંત અને પેઢાને લાભ મળે છે. સીતાફળ દાંત અને પેઢા માટે ફાયદાકારક હોય છે. તેમાં મળી આવતા કેલ્શિયમ દાંતને મજબુત બનાવે છે. તેની છાલને ઝીણી વાટીને મંજન કરીને પેઢા અને દાંત ના દુખાવામાં લાભ થાય છે. તે મોઢાની દુર્ગંધ પણ મટાડે છે.

સીતાફળના મળી આવતા વિટામીન 'એ' વિઅમીન 'સી' તથા રાઈબોફ્લેવીન ના લીધે આંખો માટે ફાયદાકારક હોય છે. તે આંખોની શક્તિને વધારે છે તથા આંખોના રોગોથી પણ બચાવે છે. જે લોકોનું કામ વધુ લેપટોપ ઉપર કરવાનું હોય તેમના માટે આ ફળનું નિયમિત સેવન કરવું ખુબ જ સારું લાભદાયક રહે છે.

સીતાફળના લાભ નંબર છ : તે માનસિક શાંતિ આપે છે તથા ડીપ્રેશન તનાવ વગેરે ને દુર કરે છે. કાચા સીતાફળ ની ક્રીમ ખાવાથી દસ્ત અને પેચીશ માં આરામ મળે છે. કાચા ક્રીમને સુકવીને પણ રાખી શકાય છે. જરૂર પડે ત્યારે પલાળીને ખાવાથી દસ્ત મટાડવામાં ઉપયોગી થાય છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ૩૫ ડિગ્રી પર પહોંચ્યો હતો. હિટવેવ ચાલુ રહેતાં નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આસો મહિનામાં પણ વીજ વપરાશમાં ઘટાડો જોવા મળી રહ્યો નથી.

● મહેસુલ વિભાગે આજે ૭ ડે. કલેક્ટરોની બદલીના હુકમો જારી કર્યા છે.

● સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં આજે મુલાકાતીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો.

● જિલ્લામાં ઘણી બધી જગ્યાઓ પર અધિકારીઓ ચાર્જમાં હોવાથી ફાઈલોના ઢગલા થઈ જતા લોકોની પરેશાની વધી છે.

● ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ પદનો રાજયના રાજયપાલશ્રીએ આભાર સ્વીકાર કર્યો છે.

● કર્મયોગી ભવનના શૌચાલયોની સફાઈ નહિ થતી હોવાથી કર્મચારીઓમાં ગણગણાટ શરૂ થયો છે.

● ગાંધીનગર જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત ૭૦૦ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

● નેશનલ ગેમ્સનો આજે સમાપન સમારોહ યોજાશે.

● ગાંધીનગર શહેરમાં વી.વી.આઈ.પી.ઓની વિઝીટોને લઈ તંત્ર તેમાં વધુ વ્યસ્ત બન્યુ છે.

● પેથાપુર શારદા સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાઈ ગયો.

● સરકારી વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓએ ગીર ફાઉન્ડેશન ખાતે પક્ષી વિહંગાવલોકન કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

● કલોલ તાલુકાના બોરીસણા ગામે સફાઈની નિયમિત કામગીરી નહિ થતી હોવાની તેમજ વેરા વસુલાત પણ ઓછી હોવાની ફરિયાદ જિલ્લાકક્ષાએ થઈ છે.

# કલા ઉત્સવમાં સરઢવ હાઈસ્કૂલનો ટીપ્પણી નૃત્યમાં પ્રથમ નંબર



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં યોજાયેલા કલા ઉત્સવમાં સરઢવ ગામની શેઠ એસ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલનો ટીપ્પણી નૃત્યમાં પ્રથમ નંબર આવતા સમગ્ર સરઢવનું ગૌરવ વધાર્યું છે. આ શાળાની વિદ્યાર્થિનીઓ હવે ટૂંક સમયમાં રાજકોટ ખાતે યોજાનારા પ્રદેશ કક્ષાનાં કલા મહોત્સવમાં ભાગ લેશે. સરઢવ ગામ અને શાળાનું ગૌરવ વધારનાર આ વિદ્યાર્થીનીઓને સરઢવ કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ દ્વારા સ્કુલબૅગ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

# આજે ગાંધીનગરના હાર્દસમા સેક્ટર-૬માં જુગાડી સ્પોટનો પ્રારંભ

**શુભારંભ પ્રસંગે નગરજનોને ફ્રીમાં વડાપાંઉ અપાશે**

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતીઓને સૌપ્રથમ બોમ્બે સ્ટાઈલ ફ્યુઝન વડાપાંઉનો ચસ્કો લગાડનાર જુગાડી સ્પોટનો પ્રારંભ ગાંધીનગરના હાર્દસમા સેક્ટર-૬માં થઈ રહ્યો છે.

બોમ્બે વડાપાંઉ હવે ગુજરાતમાં ઠેર ઠેર લોકપ્રિય બનતી જતી વાનગી છે. ફ્રેશ પાંઉ અને તીખા તમતમતા વડાંના અનોખા સ્વાદનો સંગમ ગુજરાતીઓને ઘેલુ લગાડી રહ્યો છે. ગુજરાતીઓ માટે વડાપાંઉ એકલો બજેટ પરંતુ સ્વાદમાં બેસ્ટ વાનગીની ગરજ સારે છે. ગુજરાતીઓને બોમ્બે સ્ટાઈલ ફ્યુઝન વડાપાંઉ ખૂબ ગમી રહ્યા છે. ફ્યુઝન વડાપાંઉમાં શ્રેષ્ઠ નામ એવા જુગાડી સ્પોટના આઉટલેટનો પ્રારંભ ગાંધીનગરમાં થઈ રહ્યો છે. સેક્ટર-૬ના અપનાબજાર વિસ્તારમાં જુગાડી સ્પોટના આઉટલેટનો પ્રારંભ સ્વાદરસિક ગાંધીનગરાઓ માટે એક નવલુ નજરાણુ બની રહેશે. જુગાડી સ્પોટના આઉટલેટના શુભારંભ પ્રસંગે નગરજનોને ફ્રીમાં વડાપાંઉ અપાશે.

# સિવિલમાં ગત સપ્તાહે ડેન્ગ્યુના ૯૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં રોગચાળાની રૂતુ ચાલી રહી હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા પથરાયેલા છે. તાવ, શરદી-ઉધરસ, ટાઈફોઈડ, મેલેરીયા સહિત ડેગ્યુ તેમજ સ્વાઈન ફલુના દર્દીઓ પણ જોવા મળી રહ્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગત સપ્તાહે ડેન્ગ્યુના ૩૨૫ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ૯૩ નાગરીકોના ડેન્ગ્યુ ટેસ્ટ પોઝીટીવ આવ્યા હતા. જયારે ગત સપ્તાહે બે દર્દી સ્વાઈન ફલુના પણ નોંધાયા હતા. જયારે કોલેરા, ટાઈફોઈડ તેમજ ચિકનગુનીયા એક પણ દર્દી ગત સપ્તાહે જોવા મળ્યા નથી. મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં ૬૦૦ બેડની હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. શહેરને મચ્છરજન્ય રોગચાળા અજગરી ભરડો લઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગમાં ખાનગી કલીનીક તેમજ હોસ્પિટલમાં પણ દર્દીઓની સંખ્યા નોંધનીય છે. ત્યારે ખાનગી દવાખાના પણ મોડીરાત સુધી દર્દીઓથી ધમધમે છે. જેથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગત સપ્તાહે ૩૨૫ જેટલા દર્દીઓના ડેન્ગ્યુના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ૯૩ દર્દીઓના રીપોર્ટ પોઝીટીવ આવ્યા હતા. તો બીજીતરફ એચવન એનવનના કુલ ૧૭ ટેસ્ટ કરાયા હતા. તેમાં ૨ દર્દીઓ એચવન એનવનના નોંધાયા હતા. જયારે ટાઈફોઈડના ૧૨૦ દર્દીના ટેસ્ટ કરવામાં આવતા માત્ર ૪ દર્દીઓ ટાઈફોઈડના જોવા મળ્યા હતા. જયારે ચિકનગુનીયાના ૫ દર્દીના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જયારે તમામ દર્દીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા હતા. કમળાના પણ ૩૫ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા હતા. પરંતુ એક પણ દર્દી કમળાનો નોંધાયો ન હતા. ગાંધીનગર સિવિલમાં ગત સપ્તાહે ડેન્ગ્યુના ૯૩ કેસ નોંધાતા તંત્ર પણ ચિંતિત નજરે પડ્યુ હતું. જયારે સિવિલમાં સારવાર મેળવી દર્દીઓ સ્વસ્થ થઈ ઝડપી ઘરે ગયા હતા.

# સાદરાથી અલુવા વચ્ચેના મેગા બ્રીજનું ખાત મૂર્હત કરાયું

**રૂ.૭૦ કરોડ ઉપરાંતના ખર્ચે સાબરમતી નદી પર પુલનું નિર્માણ થશે : માણસા અને ગાધીનગર, દહેગામ તાલુકા નું અંતર ૫૦ કિ.મી થી ઘટી ૨૫ કિ.મી થશે**

માણસા, તા.૧૧

ગાધીનગર જિલ્લાના સાદરાથી માણસા તાલુકાના અલુવા વચ્ચે સાબરમતી નદી વચ્ચે



પુલ બનાવવા માટે આ વિસ્તારના લોકોની ૨૫ વર્ષથી ઉગ્ર માગણી હતી ત્રણ વર્ષ પહેલાં બજેટમાં આ પુલના બાધકામ માટે રૂ.૫૪ કરોડની ફાળવણી કરવામાં આવી હતી અને અનેક અવરોધ વચ્ચે પુલનુ કામ ખોરંભે પડયું હતું ત્યારબાદ રી-ટેન્ડર થતાં રકમ વધીને રૂ.૭૦ કરોડ ઉપરાંતની કરવામાં આવી હતી અને હવે વિધાનસભા ની ચૂંટણી નજીકમાં હોવાથી આ વિસ્તારના લોકોનો પુલનું ઠેકાણું ના પડતું હોવાથી રોષ જોઈને તંત્ર દ્વારા તેનું ખાતમૂર્હત કરવામાં આવ્યું છે. આજે ધારાસભ્ય શંભુજી ઠાકોર, માણસા પૂર્વ ધારાસભ્ય અમિત ચૌધરી દ્વારા આ પુલનું ખાત મૂર્હત કરી પ્રથમ ઈટ મુકવામાં આવી. આ પુલ બનવાથી ગાધીનગર જિલ્લા માણસા, ગાધીનગર, દહેગામના ૧૦૦ ગામોના લોકોને સીધો ફાયદો થશે માણસા ખાતેના ખેતીવાડી માર્કેટયાર્ડમાં જવા માટે ખેડૂતોને સૌથી વધુ લાભ મળશે તો પુલથી સાદરા તથા માણસા વિસ્તારના લોકોનું સામાજિક અંતર ઘટશે. પુલ શરૂ થતાં સાબરકાંઠાના લોકોને માણસા મહેસાણા તરફ જવા માટે લાબું અંતર કાપવામાંથી મુક્તિ મળશે.

પુલનું ખાત મૂર્હત થતાં આ વિસ્તારના લોકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, તાલુકા પંચાયતના વિરોધ પક્ષ ના નેતા નૈલેષ પટેલ, ભાજપ મહામંત્રી રમણલાલ, એસ.પી. ઠાકોર, હિતેષ પટેલ તથા આજુબાજુના ગામોના સરપંચ તથા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં





ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના વિદ્યાર્થીઓ અને સમગ્ર સ્ટાફ સાથે ૩૬મા નેશનલ ગેમ્સ ગાંધીનગર મુકામે સુંદર આયોજન થયેલું છે ત્યારે વિદ્યાર્થીઓ આ રાષ્ટ્રીય કક્ષાની રમતગમત નિહાળી ખેલાડીઓનું ઉત્સાહવર્ધન થાય અને તેઓ પણ પ્રેરણા મેળવે તે હેતુથી મહાત્મા મંદિરની મુલાકાત લીધી હતી. સાદરા સંકુલના ૨૭૦ જેટલા વિદ્યાર્થી અને સમગ્ર સ્ટાફ સાથે ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારી શ્રી મેહશભાઈ ચૌધરીના પ્રયત્નો દ્વારા સફળ કાર્યકમ રહ્યો હતો. મહાત્મા મંદિર ખાતે વિવિધ ગેમ્સ નું આયોજન છે તેમાં બોક્સિંગ, જૂડો વગેરે નેશનલ ગેમ્સ વિદ્યાર્થીઓને જોવાનો અવસર પ્રાપ્ત થયો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારી શ્રી મહેશભાઈ ચૌધરી ના આમંત્રણ અને વહીવટી તંત્ર ની મદદથી સફળ થયું હતું. સંકુલના સંયોજક ડૉ.રાજેન્દ્ર જોષીના માર્ગદર્શનમા પ્રોગ્રામ ઓફિસર અને યુવા અધ્યાપક ડૉ.મોતીભાઈ દેવુના આયોજન થકી સમગ્ર અધ્યાપકશ્રીઓ અને સેવકોમાં ડૉ.ગાયત્રી દત્ત મહેતા, ડૉ.દિવ્યેશ ભટ્ટ, ડૉ. ધ્વનિલ પારેખ, ડૉ.અતુલ પરમાર, શ્રી બળદેવ મોરી, ડૉ.વિક્રમસિંહ અમરાવત, ડૉ. અમરેન્દ્ર પાંડે, ડૉ.મિલન ભટ્ટ, ડૉ.જયોતિ લાંબા, શ્રી ફોરમ બાવા, શ્રી મોહનભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ , શ્રી વાસંતીબેન પરમાર, શ્રી જયેશભાઈ રાવલના મદદ થી કાર્યકમ સફળ રહ્યો હતો.

# ઈન્ડીયન મેડીકલ એસોસિએશન ગાંધીનગરના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૧

ઈન્ડીયન મેડીકલ એસોસિએશન ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં આગામી વર્ષ માટે આઈએમએ પ્રમુખ તરીકે ગાંધીનગરના જાણીતા સર્જન ડો.બંકિમ મોદી બિન હરીફ વિજેતા થયા હતા. જયારે સેક્રેટરી તરીકે ડો.એચ.કે.રાઠોડ, વાઈસ પ્રેસીડેન્ટ તરીકે વિવેક ભાવે, ડો.વિરલ લુહાર, સહમંત્રી તરીકે ડો.રશ્મિન પ્રજાપતિ, ખજાનચી તરીકે ડો.નવિન પટેલ, સહ ખજાનચી તરીકે ડો.સૌરભ કાપડીયા બિન હરીફ ચુંટાઈ આવ્યા હતા. જયારે એકઝકયુટીવ કમિટીમાં ડો. દેવેન્દ્ર ગોસ્વામી, ડો.વૈભવ પટેલ, ડો.ધર્મિષ્ઠા ગોસાઈ, ડો.નિરાલી પટેલ, અને ડો. મેહુલ મકદાનીની વરણી કરવામાં આવી છે. ત્યારે ચુંટણી અધિકારી તરીકે જાણીતા ઓર્થોપેડીક સર્જન ડો.કાંતિભાઈ પટેલે આ સમગ્ર ચુંટણીની પ્રક્રિયા પારદર્શક અને નિષ્પક્ષ રીતે નિભાવી હતી. છેલ્લા એક દાયકાથી ઈન્ડીયન મેડીકલ એસોસિએશન ની કામગીરી સંભાળી રહેલા હોદેદારોમાં ફેરફાર સાથેની નવી ટીમ બની હોવાથી આઈએમએ ગાંધીનગરના સભ્યોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે. સાધારણ સભામાં પહેલી વખત ૧૦૦ કરતા વધુ ડોકટર્સ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે સૌ હાજર તબિબ મિત્રોએ નવી ટીમને શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવ્યા હતા.

# જી.એમ.ઈ.આર.એસ. દ્વારા ૧૦ કર્મચારીઓને આસી. નર્સિંગમાંથી ડે.નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ તરીકે બઢતી

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં છેલ્લા કેટલાક વર્ષોથી વર્ગ-૩ માં આસી.નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા ૧૦ કર્મચારીઓને બઢતી આપી ડે.નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ તરીકે નિમણુંક કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ૨ કર્મચારીઓને પણ ડે.નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ તરીકે બઢતી આપવામાં આવી છે. જેમાં એક કર્મચારીને ગાંધીનગરમાં જ બઢતી અને બીજા મહિલા કર્મચારીને હિંમતનગર મેડીકલ કોલેજ ખાતે નિમણુંક આપવામાં આવી છે. ઘણા સમયથી બઢતીની રાહ જોઈ બેઠેલા કર્મચારીઓમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત વડોદરા, વડનગર, સોલા અને ગાંધીનગર ફરજ બજાવતા વર્ગ-૩ ના આસી. નર્સિંગ સુપ્રિટેન્ડન્ટમાંથી વર્ગ-૨ માં ૧૦ કર્મચારીઓને ડે.નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ તરીકે બઢતી આપવામાં આવી છે. ગાંધીનગર હોસ્પિટલમાં ફરજ બજાવતા ભોરણીયા ધર્મેન્દ્રકુમાર વેલજીભાઈ, સોલા ફરજ બજાવતા મેકવાન વિમલાબેન વિલ્યમભાઈ , સોલા ફરજ બજાવતા પરમાર વાસંતિબેન પ્રકાશકુમાર તેમજ ગોત્રી વડોદરા ફરજ બજાવતા રાજપુત વર્ષાબેન ધર્મેશકુમારને હાલની ફરજના સ્થળ પર જ બઢતી આપવામાં આવી છે.જયારે ગોત્રી ફરજ બજાવતા રીટા સંજય અમ્રુતિયાને બઢતી આપી વલસાડ નિયુકત કરાયા છે.જયારે તિવારી બિંદીયા આકાશને સોલા સિવિલ થી ગાંધીનગર સિવિલમાં બઢતી સાથે મુકવામાં આવ્યા છે. મોનીકા માગીએલ કિશ્ચિયન ને અમદાવાદ સોલા થી વડનગર, પટેલ અરવિંદ જેઠાભાઈને વડનગરમાં જ બઢતી અપાઈ છે. જયારે ગાંધીનગર હોસ્પિટલમાંથી પરમાર પુષ્પાબેનને હિંતમનગર તેમજ મૌર્ય સુમન અમૃતભદ્ર સોલા થી ધારપુર પાટણ હોસ્પિટલ ખાતે બઢતી સાથે બદલી કરવામાં આવી છે.

# ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ રાજયપાલ આચાર્ય દેવવ્રત બનશે

અમદાવાદ, તા.૧૧

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ પદ માટે ગુજરાત વિદ્યાપીઠ દ્વારા પાઠવવામાં આવેલાં નિમંત્રણનો રાજભવન ખાતે સ્વીકાર કર્યો છે અને આ પદ માટે સ્વીકૃતિ આપી હતી. મહત્વનું છે કે ૪ ઓકટોબરના રોજ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ઈલાબેન ભટ્ટનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું હતું. જે બાદ પદ ખાલી પડતાં રાજ્યપાલને નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

ગૂજરાત વિદ્યાપીઠના બંધારણ મુજબ કુલનાયકની ઉપર કુલપતિ હોય છે પરંતુ કુલપતિ એ રાજ્યપાલ નથી હોતા. પરંતુ વિદ્યાપીઠના જ ટ્રસ્ટી મંડળ દ્વારા સામાજીક ક્ષેત્રના અગ્રણી અને ગાંધીવાદી હોય તેવા વ્યક્તિને કુલપતિ બનાવવામાં આવે છે. વિદ્યાપીઠના ૧૦૦ વર્ષના ઈતિહાસમાં અત્યાર સુધી કુલપતિ તરીકે ગાંધીવાદી જ આવ્યા છે. પૂર્વ કુલપતિ એવા ડૉ. ઈલાબહેન ભટ્ટ ગાંધીવાદી છે.

# મહુન્દ્રા પાટીયા પાસેથી બે ગાડીમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

ચિલોડા પોલીસે મહુન્દ્રા પાટીયા પાસેથી આઈ-૨૦ અને બ્રેઝા ગાડીમાં અમદાવાદ લઈ જવાતી વિદેશી દારુની ૨૧૭૨ બોટલ તેમજ બિયરના ૪૮૦ ટીન મળી કુલ રૂ.૧૩.૯૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પીઆઈ એ.એસ.અસારીને બાતમી મળી હતી કે વિદેશી દારૂની પેટીઓ ભરી બ્રેઝા કાર અને આઈ-૨૦ કાર હિંમતનગર થી આવી રહી છે અને અમદાવાદ તરફ જવાની છે.જેથી ચિલોડા પોલીસે વિવિધ ટીમો બનાવી મહુન્દ્રા પાટીયા પાસે વોચ ગોઠવી હતી. તે સમયે બાતમીવાળી ગાડીઓ આવતા પોલીસે અન્ય વાહનોની આડશ ઉભી કરી હતી. પરંતુ તેમાં બ્રેઝા કાર દોડાવી મુકી હતી. જેથી પોલીસે પણ ફિલ્મી ઢબે પીછો કરી મહુન્દ્રા પાટીયા પાસેથી કાર ઝડપી પાડી હતી. પોલીસે બંને કારમાં તપાસ કરતા વિવિધ બ્રાન્ડની કુલ નંગ-૨૧૭૨ બોટલ દારુની મળી આવી હતી.

જયારે બિયરના ટીન નંગ-૪૮૦ મળી આવ્યા હતા.પોલીસે કાર ચાલકોની પુછતાછ કરતા પોતાનું નામ જગદીશ ઉર્ફે જગદીશચંદ્ર દેવીલાલ પટેલ (રહે. બિલેટી ગ્રંથી ગામ પોસ્ટ સવાસ તા.ખેરવાડા) અને ગાડુરામ ભગીરથરામ બિશ્નોઈ (રહે.માનકી ગામ, ધોરીમન્ના બાડમેર)હોવાનું જણાવ્યું હતું. શૈલેષ જૈન તેમજ પ્રિતેશ શેઠના કહેવાથી દારૂ બિયરનો જથ્થો ડુંગરપુરના પ્રકાશ ડાંગીએ ભરી આપ્યો હતો.

જયારે અમદાવાદ પહોંચીને પ્રિતેશ શેઠ અને શૈલેષ જૈન કહે તે શખ્સને દારૂનો જથ્થો પહોંચાડવાનો હતો. ત્યારે દારૂ અમદાવાદ પહોંચે તે પહેલા જ ચિલોડા પોલીસે દારૂ, ગાડી, મોબાઈલ તેમજ બે કાર મળી કુલ રૂ.૧૩.૯૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પાંચ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.







કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય ખાતે એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કેન્દ્રીય રાજ્ય શિક્ષામંત્રી સુભાષ સરકારે આ સેમીનારમાં ઉપસ્થિત રહી મોદી @20 ડ્રીમ મીટ્સ ડીલીવરી પુસ્તક અંગે વાત કરી વડાપ્રધાનની રાજકીય સફર અને તેમની કુનેહ અંગે ચર્ચા કરી હતી.

**ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ('ગીર') ફાઉન્ડેશન, ગાંધીનગર**

GEER FOUNDATION

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ('ગીર') ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન અને અરણ્ય ઉદ્યાન માટે નીચે જણાવેલ કામગીરી માટે http://www.nprocure.com ઉપર ઈ-ટેન્ડર પ્રસિદ્ધ કરી રસ ધરાવતા ઈજારદાર / પેઢી / સંસ્થાઓ પાસેથી ઓનલાઈન ઓફર્સ આમંત્રિત કરવામાં આવે છે.

| ક્રમ | ટેન્ડર નંબર | કામગીરીની વિગત | ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ | ટેન્ડરની ટેકનીકલ બિડ હાર્ડ કોપી રૂપે મોકલવાની છેલ્લી તારીખ |
| --- | --- | --- | --- | --- |
| ૧ | ૫૫૫૪૩૬ | Supply and Plantation of Various Plant species with soil work and manintenance including causality replacement up-to 2 months and supply of Plant Materials at Indroda Nature Park, Gandhinagar & Aranya Udhyan, Dist. Gandhinagar | ૧૨/૧૦/૨૦૨૨ | ૧૫/૧૦/૨૦૨૨ |

ઉપરોક્ત ટેન્ડરની વિગત http://wwww.nprocure.com માં તથા અત્રેની કચેરીની વેબસાઈટ www.geerfoundation.gujarat.gov.in ઉપર રજૂ કરવામાં આવેલ છે.

સરનામું : 'ગીર' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ચ-૦ સર્કલ પાસે, 'જ' રોડ, પો.ઓ.સેક્ટર-૭ ગાંધીનગર-૩૮૨૦૦૭. ફોન નં. ૦૭૯-૨૩૯૭૭૩૦૦

નાયબ નિયામક (આર. એન્ડ ડી.) 'ગીર' ફાઉન્ડેશન ગાંધીનગર

માહિતી/૧૫૯૧/૨૨-૨૩